

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

*—જ્ઞાનવૈભવવિભૂષિત પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૯૨] * આત્મધર્મ * [અંક-૧૨ વર્ષ-૫૭] વીર સં. ૨૫૨૭ જૂન-૨૦૦૧

અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં

સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૮૮મો

# મંગલ જન્મજયંતિ-મહોત્સવ

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ તારણહાર પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તત્પરમભક્ત પરમોપકારી ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ) અધ્યાત્મતીર્થધામમાં સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો આગામી ૮૮મો વાર્ષિક જન્મમહોત્સવ તા. ૨-૮-૨૦૦૧ થી તા. ૬-૮-૨૦૦૧ પાંચ દિવસ પર્યંત ઊજવવાનું મહાન સૌભાગ્ય અમને-શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર (હા. શ્રીમતી વિમળાબેન ગિરધરભાઈ મોદી)ને પ્રાપ્ત થયું છે. આ મંગલ મહોત્સવમાં આપને, સપરિવાર મુમુક્ષુ મિત્રમંડળ સહિત, સોનગઢ પધારવાનું અમારું આગ્રહપૂર્ણ ભાવભીનું આમંત્રણ છે.

*નિમંત્રક :*

*જેકુંવરબેન ઠાકરશી મોદી--પરિવાર*

*હા. શ્રીમતી વિમળાબેન ગિરધરભાઈ મોદી--પરિવાર*

નોંધ :—નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨-૭-૨૦૦૧, સોમવારના દિવસે રાખવામાં આવેલ છે.

---

અધ્યાત્મવિદ્યાતીર્થ સુવર્ણપુરીમાં

## ★ ધાર્મિક શિક્ષણવર્ગ ★

અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સોનગઢમાં પુરુષો માટે દર વર્ષે ચાલતો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૮૮મી મંગલ જન્મજયંતીના શુભાવસર પર તા.૩૦-૭-૨૦૦૧ સોમવારથી- તા. ૧૮-૮-૨૦૦૧ શનિવાર--વીસ દિવસ સુધી રાખવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

આપ આપના મુમુક્ષુમંડળના કેટલા વિદ્યાર્થી મોકલી રહ્યા છો-એની અગાઉથી સૂચના પોસ્ટથી અથવા ફોનથી જણાવશો.

*પ્રબન્ધક :*

*શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ.*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૧૨
[૬૯૨]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
JUNE
A.D. 2001

# અશુભનો ત્યાગ તે દેશવ્રત છે, શુભાશુભ બન્નેનો ત્યાગ તે પૂર્ણવ્રત છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૦૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની પ૨મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે વ્રત અને અવ્રત બંને પ્રકારના ભાવોમાં મહામુનિ રાગ કે દ્વેષ કરતાં નથી.

પ્રથમ, દૃષ્ટિમાં તો સર્વ પ્રકારના રાગ રહિત ભગવાન આત્માને લીધો છે તેથી દૃષ્ટિ તો શુભાશુભરાગથી નિવૃત્ત છે પણ અસ્થિરતાવશ ધર્મી મહામુનિને પણ શુભાશુભભાવ થાય છે. દૃષ્ટિમાં, રાગની મંદતા કે રાગની તીવ્રતાથી રહિત હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છું એમ અનુભવપૂર્વક શ્રદ્ધા થઈ છે, રાગની મંદતા કે તીવ્રતા એ મારું સ્વરૂપ નથી એમ જાણ્યું છે અને કષાયની તીવ્રતાના પરિણામ તો છૂટ્યાં છે પણ ચારિત્રની કમજોરીવશ મંદકષાયના પરિણામ રહે છે. ત્રણકષાયના અભાવમાં પણ સંતોને વ્રતની પ્રવૃત્તિનો ભાવ હોય છે. સત્ય, અચૌર્ય, અપરિગ્રહાદિરૂપ વ્રતમાં પ્રવૃત્તિ છે પણ તેને પણ છોડીને અંતરમાં ઠરે ત્યારે સમભાવ અને વીતરાગદશા પ્રગટ થાય છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. તેથી ધર્મીને વ્રત હોવા છતાં વ્રતનો રાગ હોતો નથી કેમ કે વ્રતના ભાવ પણ બંધનું કારણ છે એમ ધર્મી જાણે છે.

આ સાંભળી શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવાન ! જો વ્રતનો રાગ પણ ધર્મીને ન હોય તો વ્રત શા માટે કરે ! આમાં તો વ્રતનો નિષેધ થાય છે. તો કોઈ વ્રત

ધારણ જ નહિ કરે.

ત્યારે યોગીન્દ્રદેવ કહે છે કે ખરેખર વ્રતનો અર્થ તો એ છે કે શુભાશુભ બંને ભાવોથી નિવૃત્ત પરિણામ થવા તે 'વ્રત' છે. મંદકષાયરૂપ વ્રતભાવ અને તીવ્રકષાયરૂપ અવ્રતભાવથી નિવર્તીને સ્વરૂપમાં ઠરે તેનું નામ વ્રત છે.

વાસ્તવિક નવતત્ત્વની વાત આ જીવે કદી દૃષ્ટિમાં લીધી નથી. નવતત્ત્વને દૃષ્ટિમાં લીધા પછી પણ રાગભાવ તો ધર્મીને આવે છે, તે રાગના બે પ્રકાર છે, એક તીવ્ર રાગ અને એક મંદરાગ. ચોથા ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો હોવા છતાં તેમાં ઠરી શકતો નથી તેથી તેને હિંસા જૂઠ આદિ પાપરાગ પણ આવે છે અને તે દુ:ખરૂપ છે એમ જાણે છે પણ અસ્થિરતાને કારણે એવા વિષય–કષાયાદિના ભાવ આવ્યા વગર રહેતા નથી. એથી આગળ જતાં મુનિદશામાં વિષય–કષાયના ભાવ તો નથી આવતાં પણ અહિંસા, સત્ય, બ્રહ્મચર્યાદિનો શુભભાવ આવે છે પણ તેને મુનિ દોષરૂપ જાણે છે. એ ભાવને પણ છોડીને જ્યારે અતીન્દ્રિય આનંદની મોજ કરે છે--આસ્વાદ લે છે ત્યારે મુનિને નિશ્ચયવ્રત કહેવામાં આવે છે.

આમ તીવ્ર અને મંદ બંને રાગથી રહિત થઈને વીતરાગી મોજમાં ચડે અને શાંતિ તથા વીતરાગ પરિણતિને વેદે તેનું નામ સાચા વ્રત અને મુનિપણું કહેવામાં આવે છે. ત્રણ કષાયના અભાવરૂપી વીતરાગી પરિણતિએ પરિણમેલાં છઠ્ઠા ગુણસ્થાન-વર્તી મુનિને જે અહિંસા, સત્ય, દત્ત આદિનો શુભરાગ આવે છે તેને વ્રત કહેવાય છે અને તેને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે નિશ્ચયવ્રત કહેવામાં આવે છે. આ બધી સમ્યગ્દર્શન સહિતના વ્રતની વાત છે. અજ્ઞાનીને વ્રત હોતાં જ નથી. જેની દૃષ્ટિમાં રાગની મંદતા રુચિ છે તેની શ્રદ્ધા જ ખોટી હોવાથી તેના વ્રતને વ્રત કહેવાતા નથી. મિથ્યાદૃષ્ટિ તો અજીવની ક્રિયાને જીવની ક્રિયા માને છે અને રાગની મંદતાથી આત્માને લાભ છે એમ માને છે માટે તેની દૃષ્ટિ મિથ્યા હોવાથી તેને વ્રત પણ સાચાં નથી.

વીતરાગને શું કહેવું છે અને વીતરાગનો પંથ શું છે તેની રીતની જગતને ખબર નથી. ખબર વિના એ કોની રુચિ કરે અને કોનો આદર કરે !

આ ગાથામાં કહી તેવી જ વાત અન્ય ગ્રંથોમાં પણ કહી છે કે રાગ અને દ્વેષ બંને પ્રવૃત્તિ છે. હિંસા કરું, ચોરી કરું, પરિગ્રહ રાખું એવો ભાવ તે અશુભપ્રવૃત્તિ છે અને અહિંસા પાળું, ચોરી ન કરું, વિષય–કષાય ન સેવું, પરિગ્રહ ન રાખું એવો ભાવ–તે શુભ પ્રવૃત્તિ છે. આમ, બંને પ્રવૃત્તિ છે. આ બંને પ્રવૃત્તિથી ખસીને સ્વરૂપમાં ઠરવું તે નિવૃત્તિ છે. રાગ–દ્વેષના નિષેધ પૂર્વક સ્વરૂપમાં–અતીન્દ્રિય આનંદમાં ઠરવું તે

નિવૃત્તિ છે અને તેનું નામ જ ચારિત્ર છે. તે જ પોતાની ચીજ છે, શુભ–અશુભભાવ પોતાની ચીજ નથી.

ત્રણકાળ અને ત્રણલોકનું જેને જ્ઞાન છે એવા સર્વજ્ઞદેવની ઇચ્છા વિના ખરતી દિવ્યધ્વનિમાં આવું કથન આવ્યું છે. ગણધરદેવો અને સો ઇન્દ્રો તથા બાર સભાની હાજરીમાં ભગવાનનો જે ઉપદેશ આવ્યો છે તેમાંથી સંતો અહીં ઉપદેશ કરે છે કે રાગ–દ્વેષ બંને પરના સંગે થયેલા ભાવ છે, જીવના પોતાના સ્વભાવ ભાવ નથી. ચૈતન્યના નૂરના તેજમાં આ ભાવ ન હોઈ શકે. પોતાની નબળાઈના કારણે કર્મના સંબંધમાં જ એવા ભાવ ઊઠે છે.

બાપુ ! તારા રસ્તા કોઈ નિરાળા છે, પણ અરે ! અનાદિકાળથી તું તેના રહસ્યને સમજ્યો નથી. ઘણીવાર એવી માન્યતા તો કરી કે અમે વીતરાગના માર્ગને માનીએ છીએ અને વીતરાગના માર્ગે ચાલીએ છીએ પણ ખરેખર માર્ગની ખબર ન હતી. મંદ અને તીવ્ર–શુભ અને અશુભ રાગને–બંનેને છોડે ત્યારે સાતમા ગુણસ્થાનને યોગ્ય ચારિત્ર કહેવાય છે. સમ્યગ્દર્શન સહિત મુનિદશાની સ્થિતિ એવી હોય છે કે ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન હોય અન ક્ષણમાં સાતમુ ગુણસ્થાન આવી જાય છે. છઠ્ઠામાં વિકલ્પ હોય છે તે પણ કેવા ! કે ઉપદેશ આપે, સાંભળે અથવા દયા પાળે કે શાસ્ત્ર લખે. વળી ક્ષણમાં એ વિકલ્પ છૂટીને સાતમુ ગુણસ્થાન આવી જાય. આનંદમાં લીન થઈ જાય–હું સાધુ છું એ વિકલ્પને પણ ભૂલી જાય. એક દિવસમાં મુનિને હજારોવાર આવી દશા આવે છે. આવી દશાને ખરું ચારિત્ર કહેવાય છે.

વીતરાગ પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોકમાં આ એક જ માર્ગ કહ્યો છે. ચોથા આરામાં માર્ગ કંઈ જુદો હતો અને પાંચમા આરામાં જુદો છે–એવું નથી. જેને આત્માની શાંતિ જોઈતી હોય, મુકિત માટે ઉગ્ર તૈયારી છે તેને માટે આ એક જ માર્ગ છે માટે, એ ન થાય ત્યાં સુધી એવી શ્રદ્ધા તો કર કે મુક્તિનો માર્ગ આ એક જ છે.

આ નિશ્ચયવ્રતની વાત થઈ હવે વ્યવહારવ્રત કોને કહે છે ?—"हिंसा नृत स्तेया ब्रह्म परिग्रहेभ्यो विरतिर्व्रतं" અર્થાત્ પ્રાણીઓને પીડા દેવી, જૂઠ વચન બોલવું, પરધન હરવું, કુશીલનું સેવન અને પરિગ્રહનું ગ્રહણ આવા ભાવોથી વિરકત થવું તેનું નામ વ્રત છે. આ અહિંસાદિ વ્રત પ્રસિદ્ધ છે. અતીન્દ્રિય આનંદની મોજ માણતાં છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને આવા શુભરાગ હોય છે તેને વ્યવહારવ્રત અથવા એકદેશવ્રત કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન દશા પૂર્વક જીવઘાતમાં નિવૃત્તિ અને જીવદયામાં પ્રવૃત્તિ, અસત્ય

વચનની નિવૃત્તિ અને સત્ય વચનમા પ્રવૃત્તિ', ચોરીની નિવૃત્તિ અને અચૌર્યમાં પ્રવૃત્તિ ઇત્યાદિ સ્વરૂપથી એકદેશવ્રત કહેવામાં આવે છે અને રાગદ્વેષરૂપ સંકલ્પ–વિકલ્પોના કલ્લોલોથી રહિત ત્રણગુપ્તિમાં ગુપ્ત સમાધિમાં શુભાશુભના ત્યાગથી પરિપૂર્ણવ્રત હોય છે. અર્થાત્ અશુભભાવની નિવૃત્તિ અને શુભભાવમાં પ્રર્વતવારૂપ ભાવને એકદેશવ્રત કહેવાય છે અને શુભાશુભ બંનેનો ત્યાગ થવો તે પૂર્ણવ્રત છે. ઘરગથ્થુ ભાષામાં કહીએ તો સ્વરૂપમાં વીંટાવું તે વ્રત છે અને રાગની મંદતામાં વીંટાવું તે વ્યવહારવ્રત છે.

શ્રીમદ્‌માં આવે છે ને ! હે ભગવાન ! આપે કહેલાં વ્રત, દાન, શીલ, સંયમ આદિને મેં ઓળખ્યા નથી. ક્ષમાપના પાઠમાં બહુ આવે છે કે હું કાંઈ સમજ્યો નથી, ભૂલ્યો છું, રખડ્યો છું...આવા ભાવને સમજે નહિ અને ગડિયા બોલી જાય તેમાં ધર્મ થતો નથી. ઊંધી દૃષ્ટિએ મેં તત્ત્વ જેમ છે તેમ માન્યા નહિ અને બીજી રીતે માની લીધું છે. નવતત્ત્વની સાચી ઓળખાણ મને થઈ નથી....એવા ભાવો તેમાં ભરેલાં છે.

સમ્યગ્દૃષ્ટિને રાગનો વિકલ્પમાત્ર આદરણીય હોતો નથી અને રાગ કરવો એવી બુદ્ધિ હોતી નથી. છતાં છઠ્ઠા ગુણસ્થાનમાં પણ અશુભનો ત્યાગ અને શુભભાવનો રાગ આવ્યા વગર રહેતો નથી. એ શુભરાગને વ્યવહારે એકદેશવ્રત કહેવાય છે. આત્માનું ભાન છે અને ત્રણકષાયનો અભાવ છે એવી વીતરાગીપરિણતિના કાળમાં આવા જે કષાયની મંદતાવાળા શુભભાવો આવે છે તેને જ વ્યવહારે વ્રત કહેવાય છે.

હવે નિશ્ચયવ્રત કહે છે. રાગ–દ્વેષરૂપ સંકલ્પ–વિકલ્પોના કલ્લોલોથી રહિત ત્રણગુપ્તિથી ગુપ્ત સમાધિમાં શુભાશુભના ત્યાગથી પરિપૂર્ણ વ્રત હોય છે. શુભઅશુભ બંનેનો ત્યાગ થવો તે પૂર્ણવ્રત છે. નવતત્ત્વમાં પુણ્ય અને પાપ તત્ત્વ કહ્યાં છે ને ! તે નવેય તત્ત્વને પ્રથમ ઓળખવા પડશે. નવતત્ત્વની ખબર વિના કોઈને સમ્યક્ત્વ થતું નથી. શાક લેવા જાય તો ક્યું શાક લેવું અને ક્યું શાક ન લેવું એનો ખ્યાલ પોતાને હોય છે ને ! તેમ નવતત્ત્વમાં મારો જ્ઞાનાનંદસ્વભાવ આત્મા ગ્રહવા લાયક છે અને પુણ્ય–પાપ, આસ્રવ, બંધ છોડવા લાયક છે એમ જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. અનંતકાળ તો આવા ભાન વિના ગયો પણ જો આ મોંઘા મનુષ્યભવમાં પણ જો આ ભાન કર્યું નહિ તો સમ્યગ્જ્ઞાન વિના તારા ભવભ્રમણ છૂટવાના નથી.

ચોરી ન કરું, પરજીવની દયા પાળું—વગેરે શુભવિકલ્પરૂપ કલ્લોલોથી રહિત ત્રણ ગુપ્તિમાં ગુપ્ત જ સમાધિમાં સ્થિત સાધુનું પદ કેવું છે કે જેને ગણધરદેવ પણ નમસ્કાર કરે છે. હે સંત ! તારા ચરણમાં મારો નમસ્કાર ! જેને અંતર્મુહૂર્તમાં બાર

અંગની રચના કરવાની તાકાત છે અને એ જ ભવે મોક્ષ જવાના છે એવા ચરમશરીરી ગણધરદેવનો જેને નમસ્કાર પહોંચે એ દશા કેવી હશે ! પંચમઆરાના સાચા ભાવલિંગી સાધુને પણ આ નમસ્કાર પહોંચે છે.

જુઓ ! છઠ્ઠા ગુણસ્થાને વ્યવહારનયથી એકદેશવ્રત હોય છે, તેમાં અશુભનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ છે પણ તેમાં ઉપાદેયબુદ્ધિ નથી. રાગનું કર્તૃત્વ નથી, જ્ઞાતપણું છે પણ પુરુષાર્થની નબળાઈ હોવાથી પંચમહાવ્રતનો ભાવ ઊઠે છે ત્યાં અશુભભાવ ટળ્યો હોવાથી એકદેશવ્રત કહેવાય છે અને જ્યારે શુભ અને અશુભ બંને ભાવ છૂટીને સ્વરૂપમાં ઠરે છે ત્યારે સાતમા ગુણસ્થાનમાં પૂર્ણ વ્રત અથવા નિશ્ચયવ્રત છે એમ કહેવાય છે.

આમ, પ્રથમદશામાં એટલે કે આત્મભાન સહિત છઠ્ઠા ગુણસ્થાનમાં જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યાં સુધી પંચમહાવ્રતનો રાગ આવ્યા વગર રહેતો નથી, તેનો નિષેધ નથી, છઠ્ઠા ગુણસ્થાને એવો મંદભાવ હોય જ છે તેનો નિષેધ નથી પણ ત્યાંથી ખસીને જ્યાં અંતરમાં ઠરે છે ત્યાં તેને સર્વદેશવ્રત અર્થાત્ નિશ્ચય પૂર્ણવ્રત થયાં કહેવાય છે.

સમજાય છે કાંઈ ? (કાંઈક સમજાય તોપણ લાભ છે.) ભગવાનનાં કહેલાં માર્ગે મહાપુરુષાર્થી જીવ જ જઈ શકે છે. કાયરજીવોનું તેમાં કામ નથી. આ તો અફરગામીનો માર્ગ છે, જે માર્ગે ચડ્યાં તે માર્ગે કેવળજ્ઞાન લીધે છૂટકો છે. આવા માર્ગે ચાલનારા સંતોની આ વાત છે. પહેલી નરકમાં રહેલા સમકિતી શ્રેણિક રાજા બહારથી નરકના દુખની વચ્ચે હોવા છતાં અંતરમાં આનંદની ગટાગટી કરે છે. અંદરમાં આનંદની લહેર ઊઠે છે તો છઠ્ઠા--સાતમામાં ઝૂલતાં મુનિની દશાનું શું કહેવું ! બહારથી તિર્યંચ એના શરીરને ખાતાં હોય અને મુનિને અંદરમાં આનંદની છોળ ઊઠે છે. જરાં વિકલ્પ આવી જાય તો જાણે કે શરીર ખવાય છે પણ અંદરમાં તો મુનિને આનંદ–આનંદ છે. મુનિદશા જ એવી છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્રતથી શું પ્રયોજન છે ? મોક્ષ તો શુદ્ધાત્માની ભાવનાથી થાય છે તો વ્રતનું શું પ્રયોજન છે ? ભરતમહારાજે ક્યાં વ્રત ધારણ કર્યા હતાં ? તેઓ તો બે ઘડીમાં જ કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયાં હતા ને ? શિષ્યના આ પ્રશ્નનું યોગીન્દ્રદેવ સમાધાન કરે છે કે ઋષભદેવના પુત્ર 'ભરત' સંસારમાં હતાં, ચક્રવર્તીપદમાં હતા પણ આત્મદર્શન અને આત્મજ્ઞાનના ધારક હતા. આત્માનો અનુભવ હતો. માથામાં એક સફેદ વાળ જોયો ત્યાં વૈરાગ્ય આવી ગયો. છ ખંડ છોડી જિનદીક્ષા લીધી,

માથાના વાળનું લુંચન કર્યું, હિંસાદિ પાંચપાપોની નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રત આદર્યા પછી અંતરમુહૂર્તમાં સમસ્ત સંકલ્પ વિકલ્પ રહિત મન, વચન, કાય રોકવારૂપ નિજશુદ્ધાત્મધ્યાનમાં ઠરીને નિર્વિકલ્પ થયાં. પંચમગુણસ્થાનમાં હતાં ત્યારે વિકલ્પ ઉઠતાં હતાં પણ અંતરમાં ભાન હતું કે આ વિકલ્પની કે દેહની ક્રિયા મારી નથી.

શ્રોતા :—ભરતજીને કેવળજ્ઞાન અરીસાભુવનમાં થયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મામાં કેવળજ્ઞાન થયું. અરીસો એટલે ચૈતન્યઅરીસામાં ભરતજીને કેવળજ્ઞાન થયું હતું.

તીર્થંકરો તો ત્રણજ્ઞાન લઈને જન્મે છે. ભરતને જન્મથી ત્રણજ્ઞાન ન હતાં પણ ભગવાનના સમોસરણમાં એકવાર એકદમ મતિ, શ્રુતની નિર્મળતા અને અવધિજ્ઞાન પ્રગટ થયું હતું. આત્મદર્શન અને આત્મજ્ઞાન તો ઘણું હતું અને વૈરાગ્ય આવતાં બધું છોડી નગ્ન મુનિ થયાં. પંચમહાવ્રતના શુભપરિણામ પણ આવ્યા, માથાના કેસનું લુંછન કર્યું. શરીરની ક્રિયા મારી નથી, શુભરાગ મારું સ્વરૂપ નથી એવું ભાન તો હતું છતાં ભૂમિકા પ્રમાણે એવો શુભરાગ આવે જ છે. તીવ્રરાગ જાય અને મંદરાગ થાય તેથી પંચમહાવ્રતનો વિકલ્પ આવ્યો ખરો પણ તેને પણ છોડીને જ્યાં ભરતજી નિર્વિકલ્પ થયાં ત્યાં શુકલધ્યાન અને કેવળજ્ઞાન થઈ ગયું. આમ તુરત જ કેવળજ્ઞાન થયું તેથી ભરતજીના મહાવ્રતની પ્રસિદ્ધિ ન થઈ પણ મુનિને મહાવ્રતના ભાવ આવ્યા વગર રહેતાં નથી. સમ્યગ્દર્શન હોય તોપણ અશુભવચનાર્થે શુભભાવ આવે જ છે અને પછી તેને પણ છોડીને શ્રેણીમાં આરૂઢ થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આમાં તો ઘણી વાત આવી, તેમાંથી કેટલી યાદ રાખવી. અરે ! દુકાનમાં પાંચ હજાર ચીજ વેચતો હોય તો તે બધાના ભાવ યાદ રાખે છે કે નહિ ? કેટલી કિંમતની આવી છે, કેટલી લાવ્યા હતા, કેટલી વેચાણી, શું ભાવ ચાલે છે, શું ભાવે વેચેલ છે એ બધું જ યાદ રાખે છે તે યાદ રાખવા છતાં કમાણી તો પુણ્ય પ્રમાણે જ થાય છે ત્યાં પોતાની હોશિયારી કાંઈ કામ લાગતી નથી. પણ રુચિ છે તેથી કેટલું લક્ષ રહે છે ! કેટલી યાદગીરી રહે છે ? માટે એ સિદ્ધાંત સિદ્ધ થાય છે કે જ્યાં રુચિ હોય ત્યાં લક્ષ અને યાદગીરી રહે જ છે. માટે જો ધર્મની રુચિ હોય તો આ બધું યાદ રહે જ.

ભરતજીના દૃષ્ટાંતે કોઈ મૂર્ખ એમ વિચારે કે જેમ ભરતને કેવળજ્ઞાન થયું તેમ અમને પણ થઈ જશે પણ ભૂમિકા અનુસાર અશુભવંચનાર્થે પંચમહાવ્રતાદિના પરિણામ આવ્યા વિના રહે જ નહિ. કોઈ એમ માને કે પંચમહાવ્રતના પરિણામ વિના એકદમ

સ્થિર થઈને કેવળજ્ઞાન પામી જશું, તો એ મૂરખ છે, તેની માન્યતા સાચી નથી, જેને સમ્યગ્દર્શન થયું છે તે એક પરમાણુમાત્રના કર્તા નથી અને વિકલ્પને ઝેર સમાન જાણે છે. વિકલ્પ મારે કરવા જેવા છે એમ માનતા નથી છતાં વિકલ્પ આવ્યા વિના રહેતાં નથી. અશુભ ટળવા શુભભાવ આવે જ છે.

પ્રવચનસારના ચરણાનુયોગસૂચક ચૂલિકા અધિકારની શરૂઆતમાં પંડિત જયચંદજીએ આ બાબતમાં ઘણું સારું લખ્યું છે કે અનુભવદૃષ્ટિવંતને જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા થઈ શકતી નથી ત્યાં સુધી અશુભ ટળવા શુભભાવ આવે જ છે. જે એમ માને કે શુભભાવ પણ ન આવે તે મૂરખ છે, તેને વસ્તુની ખબર નથી.

જો કોઈ અંધપુરુષને કોઈ પ્રકારે નિધિ મળી ગઈ, તો શું દરેકને એમ નિધિ મળી જાય છે? નથી મળતી. ધનાર્થીને વેપાર કરવાનો રાગ આવ્યા વગર રહેતો જ નથી. વેપાર કરવાથી ધન મળી જાય–એમ સિદ્ધ કરવું નથી. પણ ભૂમિકા અનુસાર રાગ આવ્યા વગર રહેતો નથી એ વાત સિદ્ધ કરવી છે. તેમાં જીવનું કારણ નથી. જ્ઞાનીને શ્રદ્ધા–જ્ઞાન તો યથાર્થ છે કે રાગ મારે કરવાયોગ્ય નથી છતાં ચારિત્રની નબળાઈ હોવાથી અશુભ છૂટીને શુભ આવ્યા વગર રહેતો નતી. અંતરમાં મુનિને ત્રણકષાયના અભાવ જેટલી વીતરાગતા વર્તે છે અને પંચમહાવ્રતનો શુભ રાગ પણ આવે છે તેને પણ છોડીને જ્યારે નિર્વિકલ્પ થાય છે ત્યારે પૂર્ણ વીતરાગદશાને પામે છે. પણ કોઈ એમ માની લે કે મારે એકલું આત્મધ્યાનમાં તત્પર થઈને કેવળજ્ઞાન લઈ લેવું છે તેને તત્ત્વની ખબર નથી.

ભરત જેવા જીવ તો કોઈક જ હોય, બધાંને અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન ન થઈ જાય. માટે, ભવ્યજીવોને એ જ યોગ્ય છે કે તપ અને સંયમનું સાધન કરવું શ્રેષ્ઠ છે. શુભરાગનું સાધન વ્યવહારે આવ્યા વગર રહેતું નથી તેને શુભરાગનું સાધન કરવું એમ પણ કહેવાય છે. પણ શુભરાગરૂપ તપ અને સંયમ ખરાં તપ સંયમ નથી. આનંદમૂર્તિની દૃષ્ટિપૂર્વક ઇચ્છા છૂટીને સ્વરૂપમાં પ્રતપન થાય–શુદ્ધોપયોગ થાય તેને તપ અને સંયમ કહેવાય છે. એવા તપવાળા સાધકને શુભરાગરૂપ તપ, સંયમના ભાવ પણ આવે છે તે શુભબંધનું કારણ છે એમ ધર્મી સમજે છે.

અન્ય શાસ્ત્રમાં પણ આવે છે કે પ્રથમ યોગનો અભ્યાસ તો ન કર્યો અને મરણ સમયે કોઈ આરાધક થઈ ગયા તો એવું દરેકને બનતું નથી. યોગ એટલે કોઈ બાવા–સાધુ કરે છે તે યોગ નથી. યોગ એટલે આત્માના ધ્યાનમાં એકાગ્ર થવું તે

[અનુસંધાન માટે જુઓ પાનું ૧૩]

# ❀ સપ્ત ભય પ્રવિમુક્ત જ્ઞાનીઓ ❀

(શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૪)

શ્રી નાટકસમયસાર શાસ્ત્રનો આ નિર્જરા અધિકાર છે, તેમાં સાત પ્રકારના ભય મટાડવાનો ઉપાય બતાવે છે.

૨૬મા કળશ ઉપર ૫૫મા પદ્યમાં ચોરભય મટાડવાનો ઉપાય આ પ્રમાણે બતાવ્યો છે.

परम रूप परतच्छ, जासु लच्छन चिन्मंडित ।
पर प्रवेश तहां नाहिं, मांहि महि अगम अखंडित ॥
सो ममरूप अनूप, अकृत अनमित अटूट धन ।
ताहि चोर किम गहै, ठोर नहि लहै और जन ॥
चितवंत एम धरि ध्यान जब, तब अगुप्त भय उपसमित ।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित ॥५५॥

અર્થ :—આત્મા સાક્ષાત્ પરમાત્મારૂપ છે, જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે. તેને ચોર કેવી રીતે લઈ શકે ? બીજા મનુષ્યોને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોરભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

આ સમ્યગ્દૃષ્ટિની ભાવના અથવા વિચારણા છે કે હું તો પરમ સ્વરૂપ પરમાત્મા જ છું. હું મારા સ્વસંવેદનથી પ્રત્યક્ષ છું, મારું સ્વરૂપ જ્ઞાનથી વિભૂષિત છે. મારી ધ્રુવભૂમિમાં કોઈનો પ્રવેશ નથી. જ્યાં કોઈનો પ્રવેશ જ થઈ શક્તો નથી તેને કોણ લૂંટી શકે ? માટે, મને ચોરનો ભય નથી.

મારું સ્વરૂપ અગમ્ય અને અખંડિત છે તેમાં કોઈની તાકાત નથી કે અંદર પ્રવેશ કરે. ચૈતન્ય મહાપદાર્થ હું પરમાત્મસ્વરૂપ છું એમ જેને અંતરમાં ભાસ્યું છે તેને પોતાના ચૈતન્યધનના નાશની શંકા નથી. હું અકૃત વસ્તુ છું—મને કોઈએ બનાવેલ નથી. હું અનાદિ-અનંત અતૂટ ધન છું. મારા ચૈતન્યધનનો કદી નાશ ન થાય એવું

ધન મારામાં છે. દુનિયાની લક્ષ્મી તો નાશ થઈ જાય છે પણ મારી લક્ષ્મી કદી નાશ થતી નથી. વળી અપરંપાર છે અને અક્ષય છે તેને કોણ લઈ જાય કે નાશ કરે !

મારા અસંખ્યપ્રદેશી આનંદમય સ્થાનમાં કોઈ બીજો પ્રવેશી શકે તેમ નથી ત્યાં ચોરનો ભય કેમ હોઈ શકે ? મારા સ્વઘરમાં ચોરનો પ્રવેશ હોઈ શકે તેમ નથી એમ જાણતાં જ્ઞાની નિઃશંક છે. જ્ઞાનીઓ સદાય પોતાના આત્માને કલંક રહિત અને જ્ઞાનમય દેખે છે તેથી જ્ઞાની સદા નિઃશંક રહે છે. જ્ઞાનીની દૃષ્ટિ સદાય દ્રવ્ય ઉપર જ હોય છે. જે કોઈ આવા પોતાના સ્વરૂપને અનુભવે છે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અથવા અનુભવી કહેવામાં આવે છે. આ ધર્મના એકડાની વાત છે. આ કાંઈ મુનિ કે કેવળીની વાત નથી. ધર્મની શરૂઆત જ આવા સ્વરૂપના અનુભવથી થાય છે.

આ ચોરભયનું નિવારણ થયું. હવે અકસ્માતભયનું નિવારણ કરે છે.

અકસ્માત ભય મટાડવાનો ઉપાય

सुद्ध बुद्ध अविरुद्ध, सहज सुसमृद्ध सिद्ध सम ।
अलख अनादि अनंत, अतुल अविचल सरूप मम ॥
चिदविलास परगास, वीत-विकल्प सुखथानक ।
जहा दुविधा नहि कोइ, होइ तहां कछु न अचानक ॥
जब यह विचार उपजंत तब,
अकस्मातभय नहि उदित ।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित ॥५६॥

અર્થ :—મારો આત્મા શુદ્ધ જ્ઞાનમય તથા વીતરાગભાવમય છે અને સિદ્ધભગવાન જેવો સમૃદ્ધિવાન છે. મારું સ્વરૂપ અરૂપી, અનાદિ, અનંત, અનુપમ, નિત્ય, ચૈતન્યજ્યોતિ, નિર્વિકલ્પ, આનંદકંદ અને દ્વંદરહિત છે. તેનામાં કોઈ આકસ્મિકઘટના બની શકતી નથી. જ્યારે આ જાતનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે અકસ્માતભય પ્રગટ થતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

હું શુદ્ધ બુદ્ધ એટલે શુદ્ધ જ્ઞાનમય છું અને વિરુદ્ધ એવા જે રાગ-દ્વેષભાવ-- તેનાથી રહિત એવો અવિરુદ્ધ છું—શુદ્ધ વીતરાગથી ભરેલો છું. હું સ્વાભાવિક જ સિદ્ધ સમાન સમૃદ્ધિથી ભરપૂર છું. સિદ્ધભગવાન અનંત જ્ઞાન, આનંદ આદિ સમૃદ્ધિથી ભરેલા છે તેમ હું પણ અનંત જ્ઞાન, આનંદાદિ સમૃદ્ધિથી સ્વાભાવિકપણે ભરેલો છું તેમાં

અકસ્માત શું થાય? સિદ્ધમાં જેટલી સમૃદ્ધિ છે તે બધી મારામાં પણ છે આમ, સમ્યગ્દષ્ટિને નિર્જરાની ધારામાં આવી નિઃશંકતા વર્તતી હોય છે.

અલખ– હું ઈન્દ્રિયોથી જણાઉં તેવો નથી. હું અનાદિ-અનંત છું તેમાં અકસ્માતપણું અથવા નવાપણું શું હોય! વળી મારું સ્વરૂપ કોઈની સાથે તુલના થઈ શકે તેવું નથી માટે હું અતુલ છું. મારું સ્વરૂપ અવિચલ હોવાથી કદી ચળતું નથી. જે 'વસ્તુ' છે તે કેવી રીતે ચળે! હું સદાય અવિચલ છું.

ચિદવિલાસ–પોતે સદાય જ્ઞાનાનંદસ્વરૂપ હોવાથી જ્ઞાનીને અનુભવમાં ચિદ્‌વિલાસ અનુભવાય છે. ચિદ્‌વિલાસમાંથી જ્ઞાન અને આનંદ નીકળે છે એ જ મારો વિલાસ છે. તેના અનુભવમાં જ્ઞાન અને આનંદનો પ્રકાશ આવે છે. તેમાં રાગાદિ વિકાર આવતો નથી. મારું સ્થાન જ સુખસ્થાનક છે. હું સુખ ઉપજાવનારો છું. રાગને ઉપજાવે તેવું મારું સ્વરૂપ નથી. હું અતીન્દ્રિય આનંદને ઉપજાવું એવો છું. દુઃખને અને સંસારને ઉપજાવે તેવું મારું સ્થાન નથી. મારા અતીન્દ્રિય આનંદના ધામમાં કોઈ દ્વિધા નથી. જ્યાં બેપણું જ નથી–જ્યાં બીજું કોઈ નથી ત્યાં આકસ્મિક ઘટના કોઈ ઘટતી જ નથી.

આ વાત એવી છે કે કેટલાંકને તેમાંથી ભાવ કાઢતાં ન આવડે તો વેદાંત જેવી લાગે. શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે સમયસાર વાંચીને કેટલાકને 'એક જ આત્મા છે' એવો ભ્રમ થઈ જાય છે. સમયસારમાં એક આત્મા એટલે પોતે એક આત્મા છે એમ કહ્યું છે. બધાં મળીને એક આત્મા છે એમ કહ્યું નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં નિશ્ચયાભાસીના પ્રકરણમાં ટોડરમલજીએ પણ કહ્યું છે કે આ વાત વેદાંત જેવી છે એમ લાગે પણ એમ નથી એ માટે ઘણાં ખુલાસા કર્યા છે.

વસ્તુ પોતે જ બે પડખાવાળી છે. દ્રવ્ય અને પર્યાય એ બે ભાગમાં બંનેને ઉપાદેય ગણીએ તો બે ભાગ જ ન રહે અને દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં ન આવે. માટે દ્રવ્યસ્વભાવને ઉપાદેય અને પર્યાયને હેય કર્યા વિના વસ્તુ સિદ્ધ થતી નથી. વસ્તુના એક અભેદ અખંડ સ્વરૂપમાં બેપણું નથી. દ્રવ્યસ્વભાવને રાગ અને નિમિત્ત સાથે કાંઈ સંબંધ નથી. અવિરુદ્ધ શબ્દનો અર્થ અંદરમાં જ આપ્યો છે કે મારો આત્મા શુદ્ધ જ્ઞાન અને વીતરાગભાવમય છે. વીતરાગભાવમાં ચારિત્રની સાથે આનંદ પણ આવી જાય છે. ત્રિકાળી શ્રદ્ધા અને ત્રિકાળી સ્થિરતા પણ વીતરાગભાવમાં સમાઈ જાય છે.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવને ઉપાદેય કર્યા વિના પર્યાયમાં હેયપણું આવી શકતું નથી. દ્રવ્યના બંને પડખા ઉપાદેય નથી તેમ જ બંને હેય નથી. દ્રવ્યસ્વભાવ ઉપાદેય

છે અને પર્યાય હેય છે. દ્રવ્યમાં—ધ્રુવસ્વભાવમાં પર્યાય પણ નથી તો આકસ્મિક ઘટના તો અંદરમાં શું હોઈ શકે ! સર્વજ્ઞદેવે વસ્તુને ભૂતાર્થ કહી છે. અભેદમાં ભેદ દેખાતો નથી માટે ભેદ અભૂતાર્થ છે. અભેદમાં ભેદ દેખાય તો અભેદ સિદ્ધ થતો જ નથી. વળી રાગી પ્રાણીને ભેદનું લક્ષ કરતાં રાગ થયા વિના રહેતો નથી. આ વાતનો ખુલાસો જયચંદ્રજી પંડિતે સમયસારની છઠ્ઠી—સાતમી ગાથામાં બહુ સારો કર્યો છે. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદને અસત્ કહેવો જોઈએ. તેનો અર્થ એમ નથી કે ભેદ નથી. ભેદ પણ છે, પર્યાય પણ છે. પણ વસ્તુની દૃષ્ટિમાં એવા કોઈ ભેદ દેખાતા નથી.

જ્યાં સુધી જીવનું લક્ષ બહિર્મુખ છે ત્યાં સુધી બહુ ભેદરૂપ દેખાય છે. અંતરમુખ લક્ષ જતાં ભેદ દેખાતાં નથી. લક્ષ અંતરમુખ થતાં દૃષ્ટિ સામાન્ય ઉપર જ જાય છે. તેથી કહ્યું છે કે દૃષ્ટિનો વિષય અભેદ છે. તેમ જ, નિશ્ચયનયનો વિષય પણ અભેદ છે અને શુદ્ધનયને જ ત્રિકાળ વસ્તુ કહી છે.

આત્મવસ્તુ અભેદ એટલે વિકલ્પ વિનાની છે. ભગવાન આત્મા સુખનું સ્થાન છે. તેમાં દુવિધા ક્યાંથી ? બેપણું જ જ્યાં નથી ત્યાં ભય શેનો હોય ! સંયોગમાં—પરમાં જીવના ધાર્યા પ્રમાણે કાંઈ થતું નથી. પરમાં અકસ્માત ફેરફાર થઈ જાય છે તેથી સંયોગદૃષ્ટિવાળા અજ્ઞાની જીવોને તેનો ભય લાગે છે પણ સ્વભાવદૃષ્ટિવંત જ્ઞાનીને વસ્તુમાં અકસ્માત કાંઈ ફેરફાર થવાનો અવકાશ જ ન હોવાથી ભય નથી.

બહારમાં તો અકસ્માત કેટલાં ફેરફારો થાય છે ! પૈસાની કિંમત અત્યારે કેટલી ઘટી ગઈ છે ! અમારા પિતાજીના પિતાજી 'ગીગા કુરા' દસહજારના આસામી મોટા આબરૂદાર ગણાતાં. વર્ષમાં બે મહિના જ ધંધો કરે. અત્યારે તો બાર મહિના કમાય અને લાખો રૂપિયા આવે તોપણ શાંતિ ન હોય. વળી ઉપરથી સરકારનો ભય હોય તે જુદો. બહારમાં ક્યાંય શાંતિ કે એકરૂપતા હોય જ નહિ. શાંતિ તો જ્યાં પરનો પ્રવેશ નથી—પરની ગંધ પણ નથી એવા નિજ ભગવાન આત્મામાં છે. તે કોઈ પર સાધન વડે ગમ્ય થઈ શકે તેવો નથી.

આ બધું લોજિકથી સિદ્ધ થાય છે. અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. તેના પણ જેને ઠેકાણાં ન હોય અને વ્રત તથા ચારિત્ર લઈને બેસી જાય તો એમ કાંઈ ધર્મ થઈ જતો નથી. એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણું મનાવે તે નિગોદગામી થાય છે તો સમ્યગ્દર્શન વિના સાચુ મુનિપણું તો ક્યાંથી હોઈ શકે ! મુનિની દશા કેવી હોય, મુનિને દ્રવ્યનો આશ્રય કેટલો હોય, રાગ કેટલો હોય, સંયોગ

કેટલો હોય તેની ખબર નથી તેને એકેય તત્ત્વની ખબર નથી. તેને એકલાં મિથ્યાત્વનું સેવન છે અને તેના ફળમાં ચારગતિનું ભ્રમણ છે.

જબ યહ વિચાર ઉપજંત તબ--મારી વસ્તુમાં દુવિધા જ નથી તેથી અકસ્માત કાંઈ થાય તેમ નથી એમ જ્યારે વિચાર ઉપજે છે ત્યારે અકસ્માતભય ઉપજતો નથી. આમ અકસ્માત ભયથી રહિત જ્ઞાની નિઃશંક છે. મારી ચીજમાં કોઈનો પ્રવેશ નથી. દુનિયામાં હું કોઈને ગમ્ય નથી. કેવળીભગવાન પણ મને મારામાં આવીને જાણતાં નથી–મારા વેદનનું વેદન કેવળીને નથી. માટે કેવળી પણ મને ન જાણે એવો હું છું. ગજબ વાત કરી છે ને ! જ્ઞાની મારાપણે થઈને જાણતાં નથી. એ તો પોતામાં રહીને મને જાણે છે.

જ્ઞાની નિષ્કલંક છે. રાગનું કલંક જ્ઞાનીને નથી. જ્ઞાની નિશંક છે કે મારો સ્વભાવ ત્રિકાળ વીતરાગ અને જ્ઞાનમય છે. જ્ઞાની સદાય પોતાના જ્ઞાનસ્વરૂપને નિરખે છે. તેથી જ્ઞાનીને અકસ્માતભય નથી.

આ રીતે સાતેય ભય મટાડવાનો ઉપાય બતાવ્યો. નિઃશંકતામાંથી સાત ભય રહિતપણાના બોલ કાઢ્યા છે. નિઃશંકતા આદિ આઠ ગુણોથી સમ્યગ્દૃષ્ટિ અલંકૃત હોય છે તેની વાત હવે કરશે.

હવે ૨૯મા કળશ ઉપર ૫૭મા પદ્યમાં બનારસીદાસજી સમ્યગ્જ્ઞાની જીવોને નમસ્કાર કરે છે.

जो परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत धुव ।
विमल ग्यान अंकूर, जासु घटमहिं प्रकास हुव ॥
जो पूरबकृत कर्म, निरजरा-धार बहावत ।
जो नव बंध निरोध, मोक्ष-मारग-मुख धावत ॥
निःसंकतादि जस अष्ट गुन,
अष्ट कर्म अरि संहरत ।
सो पुरुष विचच्छन तासु पद,
बानारसि वंदन करत ॥५७॥

**અર્થ :**—જે પરદ્રવ્યમાંથી આત્મબુદ્ધિ છોડીને નિજસ્વરૂપનું ગ્રહણ કરે છે, જેમના હૃદયમાં નિર્મળ જ્ઞાનનો અંકુર પ્રગટ થયો છે, જે નિર્જરાના પ્રવાહમાં પૂર્વે કરેલાં કર્મો વહેવડાવી દે છે અને નવીન કર્મબંધનો સંવર કરીને મોક્ષમાર્ગ સન્મુખ

થાય છે, જેમના નિઃશંકતાદિ ગુણો આઠ કર્મરૂપ શત્રુઓનો નાશ કરે છે, તે સમ્યગ્જ્ઞાની પુરુષ છે. તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.

ધર્મી કેવા છે? કે જેણે શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, આબરૂ આદિ બધાંમાંથી આત્મબુદ્ધિ—મારાપણાંની બુદ્ધિ છોડી દીધી છે અને શુદ્ધ નિજ આત્મામાં આત્મબુદ્ધિ કરી લીધી છે. પછી ભલે તે ચક્રવર્તિ હોય તો તેને ૯૬ હજાર રાણી હોય, વૈભવનો પાર ન હોય પણ અંતરમાં ધર્મી તે બધાંથી છૂટા જ છે. ધર્મી જ્યાં રાગથી પણ છૂટા છે ત્યાં પરવસ્તુથી છૂટા કેમ ન હોય!

विमल ग्यान अंकूर—સમકિતીને પ્રત્યક્ષ અનુભૂતિ થતાં જ્ઞાન અને આનંદનો અંકુર ફૂટે છે. જ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાનનો નહિ પણ ત્રિકાળજ્ઞાનનો અંકુર અંદરમાંથી ફૂટે છે કે જે અંકુર કેવળજ્ઞાનનું કારણ થાય છે અને બીજું અંકુર ચારિત્રનું ફૂટે છે. જ્ઞાનીને શુભભાવમાં શુદ્ધનો અંશ છે તે યથાખ્યાતચારિત્રનું કારણ થાય છે.

અજ્ઞાનદશામાં પરસન્મુખતાથી જે રાગની ઉત્પત્તિ થતી હતી તે હવે સ્વભાવ સન્મુખદશામાં ઉત્પન્ન થતી નથી. અજ્ઞાનમાં જે બંધનો પ્રવાહ વહેતો હતો તેના બદલે હવે નિર્જરાનો પ્રવાહ વહેવા લાગે છે. તેથી બંધનો નિરોધ થાય છે અને મોક્ષમાર્ગમાં આગળ વધે છે. [ક્રમશઃ]

[અશુભનો ત્યાગ....પાના નં. ૭થી ચાલુ]

યોગ છે, તેનો અભ્યાસ કરનારને સમાધિ થાય છે એ તો નિયમ છે પણ કોઈને અભ્યાસ વગર યોગ થઈ જાય તો એમ બધાને થાય એવો નિયમ નથી. કોઈકને ક્યારેક થાય છે.

આ રીતે આ અધિકાર સમાપ્ત થયો. મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષના માર્ગને કહેવાવાળાં બીજાં અધિકારમાં પરમઉપશાંતિભાવના વ્યાખ્યાનની મુખ્યતાથી અંતરસ્થલમાં ચૌદ દોહા પૂર્ણ થયાં.

હવે આગળ ચૌદ દોહામાં નિશ્ચયનયથી પુણ્ય અને પાપ બંને સમાન છે એ વાત કરશે. [ક્રમશઃ]

**પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપથી મુમ્બઈના મલાડ ઉપનગરના શ્રી ઋષભદેવ દિગમ્બર જિનમંદિરમાં પ્રતિષ્ઠેય નૂતન જિનબિમ્બોનો સાનન્દ સમ્પન્ન**

## પંચકલ્યાણક–પુરસ્સર પ્રતિષ્ઠામહોત્સવ

(તા. ૩૦-૪-૨૦૦૧ થી તા. ૭-૫-૨૦૦૧)

### ★ પ્રતિષ્ઠોત્સવનો સ્વર્ણિમ અવસર ★

દક્ષિણ ભારતની મહારાષ્ટ્ર પ્રદેશની સુપ્રસિદ્ધ નગરી મુમ્બઈના મલાડ ઉપનગરમાં ત્યાં--ના શ્રી મહાવીર--કુંદકુંદ—કહાન અધ્યાત્મશુદ્ધામ્નાયાનુયાયી શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા શ્રી ઋષભદેવ દિગંબર જિનમંદિરમાં પ્રતિષ્ઠેય નૂતન જિનબિંબોની પંચકલ્યાણકપુરસ્સર પાવન પ્રતિષ્ઠાના તથા પંચમેરુ—નંદીશ્વરનાં જિનબિંબોની તથા અન્ય પૂર્વપ્રતિષ્ઠિત જિનબિમ્બોની વેદી પ્રતિષ્ઠા માટે આયોજિત--વિ. સં. ૨૦૫૭ વૈશાખ સુદ ૭, સોમવારથી વૈશાખ સુદ ૧૫, સોમવાર--આઠ દિવસનો શ્રી દિગમ્બર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી તથા આદર્શ—આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈની શુભાશિષથી પાંચહજારથી વધુ મુમુક્ષુઓના ભક્તિ—ઉલ્લાસમય વાતાવરણમાં સાનન્દ ઊજવવામાં આવ્યો. સોનગઢ, બૃહદ્‌મુમ્બઈ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જામનગર, વાંકાનેર, વઢવાણ, સુરેન્દ્રનગર, વીંછિયા, બોટાદ, ઉમરાળા, ખંડવા, સનાવદ, શિવપુરી, કલકત્તા, હૈદરાબાદ, ચેન્નાઈ, બેંગલોર, વગેરે ગામોથી આશરે પાંચ હજારથી વધુ મુમુક્ષુ આ મંગલ મહોત્સવનો લાભ લેવા આવ્યા હતા. આ મંગલમય સ્વર્ણિમ અવસરનો લાભ લેવા માટે કેટલાક મુમુક્ષુ મહાનુભાવો નાયરોબી (કેન્યા), લંડન, તથા અમેરિકાથી પણ પધાર્યા હતા.

### ★ મંગલ આશીર્વાદ ★

પ્રતિષ્ઠોત્સવના આ પુનીત અવસર પર આપણા આદરણીય, ઊંડા આદર્શ—આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જે શાહે ઉપનગર મુમુક્ષુમંડળને નીચે પ્રમાણે આશીર્વાદ મોકલેલ.

"આવા પ્રતિષ્ઠાના કાર્યમાં તો સૌને આશીર્વાદ હોય જ. ભગવાને જે સાચું સુખ, સાચું જ્ઞાન, સાચું ચારિત્ર પ્રાપ્ત કર્યું તે આપણે સૌ પુરુષાર્થ કરીને પ્રાપ્ત કરીએ એવા આશીર્વાદ છે. નિશ્ચયથી ભગવાનનો જન્મકલ્યાણક ત્યારે ઉજવાયો કહેવાય કે જ્યારે આપણે આત્માની યથાર્થ શ્રદ્ધા કરીને ભગવાને જે પરિપૂર્ણતા કરી તે પ્રાપ્ત કરીએ. ત્યારે ઉજવાયો કહેવાય."

### ★ પંચકલ્યાણક–પ્રતિષ્ઠાનો શાસ્ત્રસંમત વિવિધ ક્રમ ★

શ્રી જિનબિંબપ્રતિષ્ઠોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૩૦-૪-૨૦૦૧ના દિવસે ક્રમશઃ શાન્તિજાપ પ્રારંભ પ્રતિષ્ઠામંડપ શુદ્ધિ, જેમના મંગલકારી આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઉજવાઈ ગયો

તે વિધિ–અધ્યક્ષ પરમપૂજ્ય કુમાર બ્રહ્મચારી શ્રી મહાવીર ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન (પ્રતિષ્ઠાવેદીમાં મંગલ કુંભ સ્થાપન), અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલ વિધાનપૂજા; તા. ૧-૫-૨૦૦૧ ના દિવસે દેવ–શાસ્ત્ર–ગુરુપૂજાપૂર્વક આચાર્ય--અનુજ્ઞા, ઈન્દ્રશોભાયાત્રા; તા. ૨-૫-૨૦૦૧ ના દિવસે શ્રી યાગમંડલપૂજા, ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયા; તા. ૩-૫-૨૦૦૧ ના દિવસે ગર્ભકલ્યાણક, સ્વપ્નફલદર્શન, જલયાત્રા, વેદિ–કલશ–ધ્વજશુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષ ક્રિયા (શ્રી હ્રિ આદિ ૮ કુમારિકા દેવિયોનો માતાની સાથે અધ્યાત્મ વાર્તાલાપ તથા ૫૬ કુમારિકા દેવી માતાની સેવામાં નિયુક્ત); તા. ૪-૫-૨૦૦૧ ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક--શોભાયાત્રા, પાંડુકશિલા ઉપર જન્માભિષેક, વિશ્વસેન મહારાજાના (વિશ્વસેન મહારાજા તથા ઈરાદેવી માતા બનવાનું સૌભાગ્ય મલાડનિવાસી શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી કંચનબેન શેઠને પ્રાપ્ત થયું હતું.) મહેલમાં ઈન્દ્રો દ્વારા જન્મકલ્યાણકપૂજા, તાંડવનૃત્ય, પારણાઝૂલન, રાજ્યાભિષેક, મહારાજા શાન્તિનાથનું સમાગત રાજાઓ દ્વારા અભિવાદન; તા. ૫-૫-૨૦૦૧ના દિવસે ચક્રવર્તી મહારાજા શાન્તિનાથનો વાર્ષિક જન્મોત્સવના, દર્પણમાં પોતાના એકસાથે બે પ્રતિબિંબ દેખીને જાતિસ્મરણ તથા વૈરાગ્ય, ભગવતી જિનદીક્ષા માટે વનપ્રયાણ, દીક્ષા શોભાયાત્રા), દીક્ષાગ્રહણવિધિ, દીક્ષાવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્ય--પ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઈન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર-કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, અંકન્યાસવિધિ, તીર્થંકર--મુનિરાજ શ્રી શાન્તિનાથનાં સાધનાદર્શન, શાન્તિનાથ–પૂર્વભવદર્શન; તા. ૬-૫-૨૦૦૧ ના દિવસે શ્રી શાન્તિનાથ મુનિવરને આહારદાન (આહારદાનનો લાભ મલાડનિવાસી શ્રી ગિરધરલાલ ઠાકરશીભાઈ મોદી–પરિવારને પ્રાપ્ત થયો હતો), જિનવાણીપ્રતિષ્ઠા, પૂજ્ય ગુરુદેવની મનોહર પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) ની સંસ્થાપનવિધિ, તથા ભગવાન કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના તથા અન્ય ૧૪ વિશાળ ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, ક્ષપકશ્રેણી–આરોહણ, કેવલજ્ઞાનકલ્યાણક, સમવસરણ રચના, ઈન્દ્રો દ્વારા કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, જિનવરવિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના, તા, ૭-૫-૨૦૦૧ ના દિવસે નિર્વાણકલ્યાણક–સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, શાન્તિભક્તિ, નિર્વાણપૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોને શોભાયાત્રાપૂર્વક જિનમંદિરમાં લાવવાની મંગલવિધિ, પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, વેદી પર શ્રી જિનબિંબ–સ્થાપનની મંગલવિધિ, કળશ–ધ્વજારોહણ, શાન્તિયજ્ઞ તથા અન્તમાં પ્રતિષ્ઠોત્સવ–સમાપન–રથયાત્રા. પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સી. ડી. ટેપપ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચાનો, વિભિન્ન વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો તથા ધાર્મિક શિક્ષણનો પણ સુંદર લાભ મળતો હતો. બાલક--બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરાતો હતો. આ બધા કાર્યક્રમો પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં પૂરા થઈ જતા હતા.

## ★ ઈન્દ્રસભા–રાજસભા ઈત્યાદિનું મનોજ્ઞ આયોજન ★

શ્રી શાન્તિનાથ ભગવાનના પૂર્વભવ–સર્વાર્થ સિદ્ધિ–અહમિન્દ્રની સભા, સૌધર્માદિ ઈન્દ્રોની

સભા (સૌધર્મેન્દ્ર તથા શચી—ઇન્દ્રાણી બનવાનું સૌભાગ્ય મલાડનિવાસી, સોનગઢ-ટ્રસ્ટના ટ્રસ્ટી તથા મંત્રી શ્રી ચીમનલાલ ઠાકરશીભાઈ મોદીના સુપુત્ર શ્રી વિજયભાઈ મોદી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી હીનાબેન મોદીને મળ્યુ હતું.), વિશ્વસેન રાજાની રાજસભાનાં મનોહારી દશ્યો તથા ત્યાં ચાલેલી જિનેન્દ્રભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વગોષ્ટી ઘણી જ સુંદર લાગતી હતી. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર નરપર્યાય તથા ઉગ્ર સંયમસાધના માટે તડપતા હતા; ઇન્દ્રસભા સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તથા તીર્થંકરમહિમાના મધુર વાર્તાલાપથી પ્રેક્ષકોનું મન હરી લેતી હતી. વિશ્વસેન રાજદરબારના સભાસદ વિભિન્ન દેશોના નરેશોની જિનેન્દ્રમહિમાભીની અધ્યાત્મતત્ત્વગોષ્ઠી, મહારાણી ઇરાદેવીની શ્રી હ્રિ ધૃતિ આદિ દેવી--સખિયોની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરરૂપ અધ્યાત્મવાર્તા અને આ બધાને કારણે જિનેન્દ્રભક્તિમય જે આહ્‌લાદકારી અનુપમ વાતાવરણ નિર્માણ થયેલું તે ખરેખર ઘણું જ અદ્‌ભુત હતું. પંચકલ્યાણકના તથા વિધિવિધાનના ભક્તિભાવભીનાં આશ્ચર્યકારી દશ્યોને જોઈને પ્રેક્ષકવૃન્દ—મુમુક્ષુસમુદાય—અતિ પ્રસન્ન થતો હતો. રાજદરબારમાં ચક્રવર્તી મહારાજા શાન્તિનાથને, વાર્ષિક જન્મોત્સવના પ્રસંગે દર્પણમાં પોતાના સગ્રન્થ તથા નિર્ગ્રન્થ—એવા એકસાથે બે પ્રતિબિંબ જોઈને પ્રગટેલા જાતિસ્મરણજ્ઞાનના નિમિત્તે, થયેલ તીવ્ર વિરક્તિના સમયે રાણીઓ દ્વારા ગૃહસ્થાશ્રમમાં થોડુંક વિશેષ રોકવાને માટે પત્નીસહજ મમતાથી કહેલ અનુરોધરૂપ પ્રસ્તાવને શાન્તિનાથે અંદરની ઊંડી વિરક્તિપૂર્વક જે ઇન્કાર કર્યો એ સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક મુમુક્ષુ પ્રભાવિત થયા હતા. શાન્તિનાથ જિનવરના સમવસરણ—વિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા **''मै ही परमात्मा हूँ ऐसा निश्चय कर, 'मै ही परमात्मा हूँ' ऐसा निर्णय कर 'मैं ही परमात्मा हूँ' ऐसा अनुभव कर।''**—એવા પ્રકારે આપેલી આત્માના પરમાત્મત્વની ઘોષણારૂપ દિવ્યદેશનાનું આયોજન પણ અનેક પ્રેક્ષકોને રુચિકર અનુભૂત થયું.

એક કાવ્યપદમાં કહ્યું છે—

**''कल्याणकाल प्रत्यक्ष प्रभुको लखै जे सुरनर घने।**
**तिह समयकी आनन्दमहिमा कहत क्यों मुखसों बने॥''**

—તદનુસાર, પંચકલ્યાણકના વિભિન્ન ભાવવાહી દશ્ય દેખીને અનેક મુમુક્ષુઓને અંતરંગમાં એવું લાગતું હતું કે—નિર્મલ સમ્યકદર્શનની ઉત્પત્તિ માટે જિનાગમોમાં બાહ્ય નિમિત્તકારણરૂપે એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણકપ્રતિષ્ઠાદર્શન) પણ કહ્યું છે તે વસ્તુતઃ સત્ય છે.

## ★ વિભિન્ન શોભાયાત્રા ★

જિનબિંબ પ્રતિષ્ઠાના આ સ્વર્ણિમ અવસર પર આયોજિત---જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક આદિની વિભિન્ન--શોભાયાત્રા પણ ભવ્ય હતી. જન્માભિષેક માટે આયોજિત મનમોહિની શોભાયાત્રાનાં તથા સુમેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેકનાં રમ્ય દશ્યોએ તો ભક્તોનાં ચિત્તપંકજને ઘણાં જ પુલકિત કર્યા હતાં. જેમના પુનિત ધર્મોપકારપ્રતાપથી મુમુક્ષુજગતને પંચકલ્યાણક—પ્રતિષ્ઠાનું આ અનુપમ સૌભાગ્ય સમુપલબ્ધ થયું છે એવા આપણા પરમતારણહાર પરમપૂજ્ય શ્રી કહાનગુરુદેવ

તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુહૃદય ઉપકૃતતાની ભાવનાથી ભીંજાયેલ અસાધારણ ભક્તિભાવથી ઊછળતા હતા. પરમપૂજ્ય જિનેન્દ્રદેવના, પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવના તથા પરમોપકારી તેઓ બંને મહાત્માઓના જયનાદથી વાતાવરણ આનંદિત થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતાની સાક્ષાત ઉપસ્થિતિ જાણે હોય. એવી ઉત્સવની શાનશોભા હતી. આ ભવ્ય મહોત્સવના આનંદપ્રદ મીઠા સંસ્મરણો ચિરકાલ સુધી મુમુક્ષુહૃદયને પ્રમુદિત કરતા રહેશે.

## ★ પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર ★

પંચકલ્યાણકપ્રતિષ્ઠાના બધા વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી (ઈન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદીપ' ના આધારથી શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ.

## ★ પ્રતિષ્ઠાચાર્ય તથા પ્રતિષ્ઠાવિધિ ★

આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્યગુરુદેવશ્રીના અન્તેવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી ચંદુભાઈ ઝોબાળીયા (સોનગઢ), આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ), આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા મલાડનિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી પ્રકાશભાઈ જૈને કરાવી હતી. ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મુમુક્ષુ ભાઈ--બહેન પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહેતાં હતાં કે—પંચકલ્યાણકનો સરલ, સુગમ તથા સ્પષ્ટીકરણવાળી રોચક શૈલીમાં સંપન્ન આ શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય તથા ચિત્તાકર્ષક ભાવવાહી વિધાન અત્યંત આનંદકારી લાગ્યાં. પ્રત્યેક વિધાનના પ્રારંભમાં વિધિ સંક્ષેપમાં સમજાવાતી હતી, જેથી પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધાં વિધિવિધાન, ન બહુ ઝડપથી અથવા ન બહુ ધીરેથી, પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં પુરાં થતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારની સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓ અનુભવતા હતા.

## ★ શાસ્ત્રપ્રવચનકાર ★

આ શુભાવસરમાં પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિવંત, અધ્યાત્મતત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિમ્મતભાઈ ડગલી, સુભાષભાઈ શેઠ (વાંકાનેર), નિરંજનભાઈ ડેલીવાળા (સુરત) અને શ્રી રમેશભાઈ શાહે (સલાલ) શાસ્ત્રપ્રવચનનો લાભ આપ્યો હતો. એ ઉપરાંત ડૉ. શ્રી કિરીટભાઈ ગોસલિયા (USA) તથા સુભાષભાઈ શેઠે અંગ્રેજી (ઈંગ્લીશ) અને ગુજરાતી ભાષામાં ધાર્મિક શિક્ષણવર્ગ પણ ચલાવ્યો હતો.

શ્રી દેવેન્દ્રકીર્તિ–મુક્તિવાજાં (બેન્ડપાર્ટી) ના નાના–નાના બાળકોએ તથા મલાડ, ઘાટકોપર અને વઢવાણની ભજનમંડળીઓએ પોતાની કીમતી સેવા આપી હતી.

## પ્રતિષ્ઠાવિધાનમાં ધનવ્યયનું સૌભાગ્ય

શ્રી પંચકલ્યાણક–પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં લાભ લેવાનું સૌભાગ્ય મુખ્યતઃ નીચે જણાવેલ મહાનુભાવોને પ્રાપ્ત થયું હતું.

**ભગવાનના માતાપિતા :** શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી કંચનબેન; **અખંડ--દીપપ્રદીપન તથા ધર્મધ્વજારોહણ :** શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી, હા. શ્રીમતી વિમળાબેન ગિરધરલાલ મોદી–પરિવાર; **પંચપરમેષ્ઠિમંડલ વિધાનપૂજાના ઈન્દ્ર :** સર્વશ્રી (૧) રમેશચંદ્ર મોહનલાલ ભાયાણી, (૨) રમણીકલાલ રતીલાલ ડગલી, (૩) ગીરીશભાઈ છોટાલાલ ભાયાણી, (૪) આસિત જસવંતલાલ ડગલી, (૫) ધવલ શાંતિલાલ ભાયાણી; **પંચકલ્યાણક-વિધાનના ઈન્દ્ર--** (૧) સૌધર્મ–ઈન્દ્ર તથા શચી–ઈન્દ્રાણી : સર્વશ્રી વિજય ચિમનલાલ મોદી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી હીનાબેન મોદી, ૨ એશાન ઈન્દ્ર : જિનેશ ગિરધરલાલ મોદી, ૩ સાનત્કુમાર ઈન્દ્ર : વિપુલ શાન્તિલાલ મોદી, ૪ માહેન્દ્ર–ઈન્દ્ર : દિલીપ ગિરધરલાલ મોદી, ૫ બ્રહ્મ–ઈન્દ્ર : નિશિત ગુલાબરાય શાહ, ૬ લાન્તવ-ઈન્દ્ર : મેહુલ અનિલકુમાર બાબૂલાલ શાહ, ૭ શુક્રઈન્દ્ર : મલય શાન્તિલાલ ભાયાણી, ૮ સહસ્રાર-ઈન્દ્ર : વિમલ ભૂપતરાય કોઠારી, ૯ આનત-ઈન્દ્ર : પરેશ મનહરલાલ ભાયાણી, ૧૦ પ્રાણત–ઈન્દ્ર : અતુલ અનન્તરાય ગાંધી, ૧૧ આરણ–ઈન્દ્ર : પંકજ પ્રાણલાલ કામદાર, ૧૨ અચ્યુત–ઈન્દ્ર : દિલીપભાઈ બાબૂલાલ મહેતા, હા૦ શ્રીમતી દીપાબેન, લંડન, ૧૩ સૌધર્મ–પ્રતીન્દ્ર : મિલન મોહનલાલ કેશવજી ભાયાણી, ૧૪ ઐશાન–પ્રતીન્દ્રઃ મનોજ નગીનદાસ ડગલી, ૧૫ સાનત્કુમાર–પ્રતીન્દ્ર : મહેન્દ્રકુમાર ધીરજલાલ મહેતા, ૧૬ માહેન્દ્ર–પ્રતીન્દ્રઃ બિપીન હરિલાલ ટોળીયા, અને કુબેર : મનહરલાલ છોટાલાલ ભાયાણી. **અષ્ટકુમારિકા દેવી :** ૧ દૃષ્ટિ દિલીપ મોદી, ૨ શ્રુતિ ધર્મેન્દ્ર મોદી, ૩ પ્રિયંકા રાજેશ ડગલી, ૪ ધારા નિરંજન શાહ, ૫ અમી અતુલ ગાંધી, ૬ જિનલ દીપક પારેખ, ૭ નિધિ મનોજ ડગલી, ૮ જિનાલી પરેશ ભાયાણી. **વિશ્વસેન મહારાજાના રાજદરબારના રાજા :** ૧ સર્વશ્રી શાંતિલાલ છોટાલાલ ભાયાણી, ૨ ગિરધરલાલ ઠાકરશી મોદી, ૩ જસવન્તરાય પાનાચન્દ ડગલી, ૪ ગીરિશ છોટાલાલ ભાયાણી, ૫ વસન્તલાલ ખીમચન્દ ઝોબાળીયા, ૬ દીપકભાઈ છન્નાલાલ ખંધાર, ૭ ચન્દુલાલ તથા નગીનદાસ કચરાલાલ શાહ, ૮ મનુભાઈ પુરુષોત્તમદાસ કામદાર, ૯ જ્યોતિન્દ્ર છોટાલાલ ખંધાર, ૧૦ કેશવલાલ વ્રજલાલ કોઠારી, ૧૧ રમણલાલ નેમચન્દ શાહ, ૧૨ કેયુર કનકભાઈ શાહ, ૧૩ દીપેન આશિષ ગાંધી, ૧૪ સતીશ પ્રાણલાલ શાહ, ૧૫ અમિત પ્રાણજીવન શાહ, ૧૬ ધર્મેન્દ્ર શાન્તિલાલ મોદી; **મહામન્ત્રી :** ચિમનલાલ ઠાકરશી મોદી.

**સર્વાર્થસિદ્ધિ-વિમાનના અહમિન્દ્ર :** સર્વશ્રી શાન્તિલાલ ઠાકરશી મોદી, ૨ જિતેન્દ્ર વ્રજલાલ શાહ, ૩ કાન્તિલાલ હરિલાલ શાહ, ૪ રસિકલાલ હરિલાલ ધોળકીયા, ૫ જયેશ હરિલાલ ટોળિયા,

**જલયાત્રાના કલશ : સુવર્ણકલશ :** શ્રીમતી પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી, ૨ કુ૦ સોનલ ગિરધરલાલ મોદી, ૩ કુ૦ ભારતી ગિરધરલાલ મોદી, ૪ શ્રીમતી મંજુલાબેન અનિલકુમાર શાહ, ૫ શ્રીમતી સુલોચનાબેન અશોકકુમાર ડગલી; **રજત-કલશ :** ૧ રિદ્ધિ જતીન ડગલી, ૨ નિયતિ નીરજ

શાહ, ૩ લતાબેન રમણીકલાલ ડગલી, ૪ જસવન્તરાય પાનાચન્દ ડગલી, ૫ રતનબેન શામજીભાઈ છેડા. **જન્માભિષેકના કલશ : રત્નજડિત સ્વર્ણ કલશ :** ૧ સર્વશ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, ૨ ગિરધરલાલ ઠાકરશી મોદી, ૩ જસવન્તરાય પાનાચન્દ ડગલી; **સુવર્ણકલશ :** ૧ સર્વશ્રી પ્રફુલ્લભાઈ દેવચન્દ રાજા (હા૦ સરોજબેન, શ્રેયસ્–કલ્પા, સુજલ–દીપ હરિયા) ૨ હસમુખલાલ પોપટલાલ વોરા, ૩ જયન્તીલાલ ચમનલાલ દોશી, ૪ ચન્દુલાલ તથા નગીનદાસ કચરાલાલ શાહ, ૫ બાબુલાલ નાનજીભાઈ શાહ, ૬ છોટાલાલ કેશવજી ભાયાણી, ૭ મોહનલાલ કેશવજી ભાયાણી, ૮ નગીનદાસ હિમ્મતલાલ ડગલી ૯ જિતેન્દ્ર વ્રજલાલ શાહ, ૧૦ પ્રવીણચન્દ્ર શામજીભાઈ પારેખ, ૧૧ અમરચન્દ્ર વાલજી ડગલી; તદુપરાન્ત રજતકલશ તથા સાદા કલશોથી અનેક મુમુક્ષુઓએ જન્માભિષેકનો લાભ લીધો હતો. **પારણાઝૂલણ :** ૧ સર્વશ્રી છગનલાલ કાલિદાસ વાઘર–પરિવાર, ૨ પ્રવીણભાઈ શામજીભાઈ પારેખ, ૩ નયના, રૂપા, દેવયાની તથા દમયંતીબેન, ૪ નગીનદાસ હિમ્મતલાલ ડગલી, ૫ પ્રફુલ્લભાઈ દેવચન્દ રાજા, હા૦ સરોજબેન, કલ્પા–શ્રેયસ તથા સુજલ–દીપ હરિયા–નાઈરોબી. **લૌકાન્તિકદેવ :**–૧ કુ૦ પ્રતિક કનકરાય, ૨ કુ૦ પ્રશમ રાજુભાઈ ડેલીવાળા, ૩ કુ૦ રીતુ અશોક ડગલી, ૪ નિશાન્ત વિપુલ મોદી, ૫ કુ૦ સમીર જયેશ ટોળીયા, ૬ કુ૦ અલય ભરત ભાયાણી, ૭ કુ૦ પારસ વિજય મોદી, ૮ કુ૦ હેમાંગ મહેન્દ્રભાઈ મહેતા. **ભૂમિગોચરી રાજા :**–૧ સર્વશ્રી વિપુલ પ્રમોદભાઈ મહેતા, ૨ જયકુમારજી જૈન–દિલ્હી, ૩ અતુલ પ્રેમજીભાઈ જૈન, ૪ જયપાલજી જૈન–દિલ્હી; **વિદ્યાધર રાજા :**– સર્વશ્રી ૧ સિદ્ધાર્થ ભરત ભાયાણી, ૨ ઇન્દુભાઈ રતીલાલ સંઘવી, ૩ આગમપ્રકાશ જૈન, ૪ બાબુલાલ નાનજીભાઈ શાહ. **આહારદાન લાભ :**–મન્દિરપુરીના રાજા સુમિત્ર અને એમના પરિવારના રૂપમાં શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી, હા૦ શ્રીમતી વિમળાબેન ગિરધરલાલ મોદી–પરિવારને શ્રી શાન્તિનાથ મુનિરાજને આહારદાન દેવાનું સૌભાગ્ય સમ્પ્રાપ્ત થયું હતુ. આહારદાન–લાભની પ્રસન્નતામાં અનેક મુમુક્ષુઓ તરફથી દાનરાશી ઘોષિત કરાઈ હતી. એમાં મુખ્યતઃ નીચેના મહાનુભાવો હતા : સર્વશ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, ૨ ચીમનલાલ ઠાકરશી મોદી, ૩ શાન્તિલાલ ઠાકરશી મોદી, ૪ એક મુમુક્ષુ, ૫ છગનલાલ કાલિદાસ વાઘર, જામનગર; તદુપરાન્ત અન્ય અનેક મહાનુભાવ.

## ગુરુપ્રતિકૃતિ–સંસ્થાપન તથા ચિત્રપટ–નિર્માણમૂલ્ય તથા અનાવરણ :

**૧ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ :** શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર–પરિવાર; **૨ પૂજ્ય ગુરુદેવશ્રીનું ચિત્રપટ :** નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રી ચંદુલાલ તથા નગીનદાસ કચરાલાલ શાહ; **૩ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું ચિત્રપટ :** નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા–પરિવાર, **૪ ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવનું ચિત્રપટ (ગોખલામાં) :** નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રીમતી કનકબેન કિરીટભાઈ શાહ, હા૦ પારસ તથા સોનલ, ૫ **સોનગઢ--દર્શન :** નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રી કાન્તિલાલ લક્ષ્મીચન્દ મહેતા, હા૦ હિતેશભાઈ; તદુપરાન્ત **પૌરાણિક તથા તીર્થક્ષેત્ર ચિત્રપટ :** ૧ સર્વશ્રી દિલીપ–જયેશ મનસુખલાલ કામદાર, ૨ જસવન્તરાય

પાનાચન્દ ડગલી, ૩ નગીનદાસ હિમ્મતલાલ ડગલી, ૪ કીર્તિકાન્ત મણિલાલ ડગલી, ૫ કીર્તિકાન્ત મણિલાલ ડગલી, ૬ ભાસ્કરભાઈ લક્ષ્મીચન્દ શાહ. ૭ શ્રી કહાન ઓપ્ટીકલ–મદ્રાસ (ચેન્નાઈ), ૮ શાન્તિલાલ ઠાકરશી મોદી, ૯ ચન્દ્રાબેન મહેન્દ્રભાઈ ગાંધી, ૧૦ રિદ્ધિશ ધીરજલાલ શાહ, ૧૧ અમરચન્દ વાલજી ડગલી, હા૦ રસિકભાઈ, ૧૨ લાભુબેન છોટાલાલ ભાયાણી, ૧૩ કનકભાઈ કેશવલાલ શાહ, ૧૪ વસન્તીબેન ગુણવન્તરાય ભાયાણી. **જિનવાણી સ્થાપના :** ૧ શ્રીમતી કલાબેન હસમુખલાલ વોરા, ૨ શ્રીમતી ડૉ. પારુલબેન અશોકભાઈ કામદાર, ૩ શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ ૪ શ્રી ચન્દુલાલ તથા નગીનદાસ કચરાલાલ શાહ, ૫ શ્રી રાજેશ કેશવલાલ શાહ, ૬ શ્રી જયન્તીલાલ ચમનલાલ દોશી, ૭ શ્રી વસંતભાઈ મગનલાલ શાહ, હા૦ ડૉ. રમેશભાઈ તથા ડૉ. જ્યોતિબેન–અમેરિકા, ૮ શ્રીમતી સુજલ દીપ હરિયા–નાઈરોબી. **નૂતન દિગમ્બર જિનબિમ્બ પ્રતિષ્ઠા :** ૧ ઘાતકીખંડ–વિદેહના ભાવિ જિનવરઃ વેદીશિલાન્યાસ; નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી બાલૂબેન મગનલાલ શાહ–પરિવાર, હા૦ ડૉ. રમેશભાઈ તથા ડૉ. જ્યોતિબેન શાહ અમેરિકા, ૨ જમ્બૂ–ભરતના ભાવિ આદિનાથ શ્રી મહાપદ્મજિનવર : વેદિશિલાન્યાસ, નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી–પરિવાર, હા૦ કુ સોનલ તથા કુ૦ ભારતીબેન ગિરધરલાલ મોદી, ૩ વિધિનાયક શ્રી શાન્તિનાથ ભગવાન : નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, હા૦ શ્રી રતનબેન શામજીભાઈ તથા પરિવાર, ૪ શ્રી ચન્દ્રપ્રભ ભગવાન : નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ–પરિવાર, હા૦ શ્રી દિનેશભાઈ તથા શ્રી શિરિષભાઈ–સુરત. પ્રતિષ્ઠા માટે 'ડ્રૉ'માં જેમના નામ આવેલ તે પરિવાર નીચે પ્રમાણે હતા.

૧ શ્રી દિનેશભાઈ અમૃતલાલ મેઘાણી–પરિવાર, ૨ શ્રી નેહલ દોશી–પરિવાર, ૩ શ્રી કોકિલાબેન પોપટલાલ શાહ–પરિવાર અને ૪ શ્રી પ્રકાશભાઈ મંગલદાસ કામદાર.

**૨ ભરતેશ્વર કેવલી ભગવાનની પ્રતિષ્ઠા :** શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી,

**૩ બાહુબલી મુનિશ્વરની પ્રતિષ્ઠા :** શ્રી બાહુબલી પ્રિન્ટર્સ, હા. શ્રી રસિકલાલ અમરચન્દ ડગલી,

**૪ પંચમેરુ ૮૦ જિનબિમ્બ,** નન્દીશ્વરના પર જિનબિમ્બ તથા સીમંધર આદિ ૨૦ વિદેહી ભગવાનોની પ્રતિષ્ઠાનો લાભ રૂા. ૩૧૦૦૦માં અંજનગિરિના રૂા. ૨૧૦૦૦માં દધિગિરિના રૂા. ૧૫૦૦૦માં રતીકરના, રૂા. ૫૦૦૦માં પંચમેરુના અને રૂા. ૧૧૦૦૦માં સીમંધરાદિ વીસ વિહરમાન ભગવંતોના પ્રત્યેક જિનબિમ્બ પ્રતિ અલગ અલગ પરિવારોએ લીધો હતો.

આ પ્રતિષ્ઠાની સાથે જિનમન્દિરના ભવ્ય તથા વિશાળ શિખર પર કલશારોહણનો લાભ શ્રી ચમ્પકલાલ વિકમચન્દ સંઘવી–પરિવારે તથા એજ શિખર પર ધ્વજારોહણનો લાભ શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી–પરિવારે અને જિનમંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર નિર્મિત નાના શિખર પર કલશારોહણનો લાભ શ્રી ભરતભાઈ ચત્રભૂજભાઈ શાહ–પરિવાર તથા શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ–પરિવાર, સુરતવાળાએ લીધો હતો.

**શોભાયાત્રા : જલયાત્રાની શોભાયાત્રા :** પ્રથમ હાથી : શ્રી મનુભાઈ પુરુષોત્તમદાસ કામદાર, બીજો હાથી : વિરાલી–દૃષ્ટિ દિલીપ મોદી, ત્રીજો હાથી : શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી; જીપ તથા બગીઃ ૧ પ્રણવ દેવાંગ ડગલી તથા અભય જતીન ડગલી, ૨ શ્રી દિનેશચન્દ્ર અમૃતલાલ મેઘાણી, ૩ શ્રી ભાસ્કરભાઈ લક્ષ્મીચન્દ શાહ, ૪ જયન્તીલાલ ચમનલાલ દોશી તથા ૫ ઈન્દુભાઈ ન્યાલચન્દ દોશી.

**૨ જન્માભિષેક-શોભાયાત્રા :** પ્રથમ હાથી : શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ કામદા સુરત, બીજો હાથી : શ્રી નૌતમલાલ જેઠાલાલ; જીપ અને બગી : ૧ શ્રી ચન્દુલાલ તથા નગીનભાઈ કચરાલાલ શાહ, ૨ શ્રી પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી, ૩, શ્રી મીઠાલાલ મગનલાલ દોશી, ૪ શ્રી હરિલાલ મોહનલાલ ટોળિયા, ૫ શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલી.

**૩ દીક્ષાકલ્યાણક--શોભાયાત્રા :** ૧ પ્રથમ હાથી : શ્રી ગુલાબભાઈ છગનલાલ શાહ, હૈદરાબાદ, ૨ બીજો હાથી : શ્રી જયેશ હસમુખભાઈ દોશી, હૈદરાબાદ, ૩ ત્રીજો હાથી : શ્રી વસંતભાઈ જગજીવનદાસ કામદાર–હૈદરાબાદ; બગી : ૧ જયકુમારજી જૈન, દિલ્હી, ૨ શ્રી હેમાંશુ રસિકલાલ ધોળકીયા, ૩ શ્રી મોનીકા મુકેશ ડગલી ૪ શ્રી સપાણી–પરિવાર, ૫ શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ.

**સ્વામિવાત્સલ્ય (જમણ) :** તા ૩૦-૪ : (૧) શ્રીમતી દીપાબેન દિલીપભાઈ મહેતા, લંડન (૨) શ્રી પારસમલજી જૈન; તા ૧-૫ : (૧) શ્રી હરિલાલ મોહનલાલ ટોળિયા, (૨) શ્રી ભરતભાઈ ચત્રભૂજ શાહ; તા ૩-૫ : (૧) શ્રી પ્રાણલાલ હરિચંદ બોટાદરા, (૨) શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી, (૩) શ્રી નીતાબેન નીતીનભાઈ દેસાઈ, (૪) શ્રી રમાબેન ભીખાલાલ કામદાર તથા નયનાબેન ભરતભાઈ કામદાર; તા. ૪-૫ : (૧) શ્રી નાઈરોબી દિ૦ જૈન મુમુક્ષુમંડલ તથા શ્રી પ્રફુલ્લભાઈ દેવચન્દ રાજા, (૨) શ્રી લીલાબેન વોરા, હા. શ્રી શૈલેશભાઈ; તા. ૬-૫ : (૧) શ્રી ધનસુખભાઈ વીરજીભાઈ ઝાટકિયા, (૨) શ્રી મનહરલાલ દોશી; ૭-૫ : (૧) મુમુક્ષુભાઈ, (૨) શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલી, (૩) શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા.

શ્રી પ્રતિષ્ઠામહોત્સવની જુદી જુદી બોલીઓ જે મહાનુભાવોએ લીધી હતી એમનો ઉલ્લેખ ઉપર પ્રમાણે છે. તદુપરાન્ત પ્રતિષ્ઠા–ફંડ, જલયાત્રા–કળશ, જન્માભિષેક–કળશ તથા આહારદાન–એ રીતે નાની–મોટી અનેક રકમો આવી હતી. તદુપરાન્ત 'ડ્રો'ની રકમ પણ સારી આવી હતી.

આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર–પ્રતાપથી તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના શુભ આશીર્વાદથી આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક અતિ ભવ્યતાથી ઉજવાયો. સર્વે મુમુક્ષુઓએ પોતાની શક્તિ–અનુસાર ધનવ્યય પણ ઘણા જ આનંદોત્સાહપૂર્વક કર્યો છે. આથી એક કરોડ પાંત્રીશ લાખ રૂપિયા જેવી માતબર રકમ એકત્રિત થઈ છે. પ્રતિષ્ઠા મહોત્સવનો ખર્ચ લગભગ રૂા. ૪૫ લાખ તેમજ મંદિરના વિસ્તૃતીકરણ વગેરેનો ખર્ચ લગભગ રૂા. ૫૦ લાખ થયો છે. ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ--મલાડ

તરફથી રૂા. ૨૧,૦૦૦-૦૦ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને 'આત્મધર્મ પ્રકાશન' ખાતામાં આપવામાં આવેલ છે.

અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રીનો લોકોત્તર પ્રભાવના-ઉદય !!

## ★ ધર્મપ્રભાવનાના આધારસ્તંભ ★

અહો ! અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભવપ્રમુખ અધ્યાત્મ વિદ્યાના લોકોત્તર યુગનું મંગલ પ્રવર્તન તો કર્યું જ, પરંતુ એની સાથે સાથે સાધકને ભૂમિકાના અનુરૂપ આવનારી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની અપાર મહિમા પણ સુચારુતાથી સમજાવી ! સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીએ સાચુ જ કહ્યું છે કે—"પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી સાધક જીવ અંતરમાં નિજ ચૈતન્ય ભગવાનને તથા બહારમાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુને સાથે જ રાખે છે. આપણને આવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું સાનિધ્ય મળ્યું એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. એમની સમીપમાં સ્વાનુભૂતિ થાય, એની વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય, બસ આજ એક કરવા જેવું છે. તે જ જીવન જીવવું સાર્થક છે." અહો ! નિશ્ચય વ્યવહારની સંધિવાળી જેમની એવી સાધના સદા પ્રવર્તમાન વર્તી રહી છે અને જેમનો ધર્મોપકાર મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન તરફ લઈ જાય છે એવા આપણા પરમ-તારણહાર વીતરાગ જિનધર્મપ્રભાવનાના પ્રમુખ આધારસ્તંભ, પરમોપકારી બંને સંતોને (પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને) અત્યંત ભક્તિપૂર્ણ પ્રણામ.

અહો ! જયવંત વર્તો શ્રી જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ ! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અને એ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવના ઉદય !!

**અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો**
**જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો ! તે ગુરુકહાનનો.**
**—દાતા ભગવતી માતનો**

—ઈતિ શુભં ભૂયાત્

*

## ★ દસલક્ષણ-પર્યુષણપર્વ માટે પ્રવચનકાર ★

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-આમ્નાયાનુયાયી દિગંબર જૈન મુમુક્ષુ-મંડળોને પૂજ્ય ગુરુદેવ દ્વારા ઉપદિષ્ટ શુદ્ધાત્મપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાનના લાભ માટે દશલક્ષણપર્યુષણપર્વમાં, સોનગઢથી શાસ્ત્રપ્રવચનકાર બોલાવવાની ભાવના હોય તેઓ કૃપા કરી પોતાના મુમુક્ષુમંડળના અધ્યક્ષ તથા મંત્રી દ્વારા લખેલ નિવેદનપત્રથી નિમ્ન સરનામા પર જાણ કરે. સુવિધાનુસાર પ્રવચનકાર મોકલવામાં આવશે.

*પ્રચાર વિભાગ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :--

આપણા પરમોપકારી સ્વાનુભવમુદ્રિત–અધ્યાત્મબોધદાતા પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મ પ્રભાવક સુપ્રતાપથી, તેઓ બંનેની પવિત્ર સાધનાસ્થલી અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં, આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના માર્ગદર્શનમાં, શાસનપ્રભાવનાના અંગરુપ સર્વે ધાર્મિક ગતિવિધિ નિયમિત ચાલી રહી છે.

★ સુવર્ણપુરી સાધનાતીર્થનો દૈનિક કાર્યક્રમ–સવારે ક્રમશઃ પૂજ્ય બહેનશ્રીના આવાસ પર ઓડિય–ટેપ દ્વારા તેઓની ધર્મચર્ચા, જિનેન્દ્ર–દર્શનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ પ્રવચનસાર પર ટેપ–પ્રવચન; બપોરે 'સમયસાર–પૂર્વરંગ' પર શાસ્ત્રપ્રવચન, બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર નાટક પર ટેપ–પ્રવચન; એ પછી પૂજ્ય બહેનશ્રીના આવાસ પર મહિલા–શાસ્ત્રસભા–ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

★ ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની અગીયારમી વાર્ષિક સમાધિતિથિ, તા. ૮-૫-૨૦૦૧ થી તા. ૧૦-૫-૨૦૦૧ (વૈશાખ વદ–૩) સુધી–ત્રણ દિવસ સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા અપાર ઉપકારોના સ્મરણપૂર્વક વિરહ–વિષાદવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી સમ્પન્ન થઈ. આ પ્રસંગપર શ્રી પંચપરમેષ્ઠિ–મંડલ વિધાનપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસોમાં પૂજ્ય બહેનશ્રીના ઉપકારસ્મરણથી ભકતોના હૃદય વિરહવેદનથી દ્રવિત થઈ જતા હતા. વૈશાખ વદ-૩ સમાધિતિથિના દિવસે શ્રી 'પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા' ના સમાપન પછી પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાન પર સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. એ વખતે પણ ઉપકારસ્મૃતિની તીવ્રતાને લીધે અનેક મુમુક્ષુહૃદય ઢીલાં થઈ ગયા હતાં તથા તેઓની આંખો અશ્રુભીની થઈ હતી.

★ શ્રુતપંચમી પર્વ–જેઠ સુદ–૫, તા. ૨૭-૫-૨૦૦૧, રવિવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા–ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવેલ.

નંદિશ્વર–અષ્ટાહ્નિકા–પર્વ–આગામી અષાઢ સુદ ૮, ગુરુવાર તા. ૨૮-૬-૨૦૦૧ થી અષાઢ સુદ ૧૫, ગુરુવાર તા. ૫-૭-૨૦૦૧ આઠ દિવસ સુધી શ્રી નંદીશ્વર–અષાઢી અષ્ટાહ્નિકાપર્વ શ્રી પંચમેરુ–નંદિશ્વર જિનાલયમાં પંચમેરુ–નંદિશ્વરપૂજન વિધાન તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સાનન્દ ઉજવવામાં આવશે.

★ વીર–શાસનજયંતી–આગામી અષાઢ વદ–૧, શુક્રવાર તા. ૬-૭-૨૦૦૧ ના દિવસે શ્રી વીર–શાસનજયંતી પરમાગમમંદિરમાં પરમ પૂજ્ય શ્રી મહાવીરભગવાનના વિશાલ જિનબિંબ સમક્ષ પૂજા–ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

*

## વૈરાગ્ય-સમાચાર :—

લાઠીનિવાસી હાલ મુંબઈ શ્રી કિરીટભાઈ હિંમતલાલ શાહ (વર્ષ-૫૩) તા. ૬-૧૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી શ્રી નિતિનભાઈ આર. શાહ (ઘડિયાળી)ના નાનાબેન શ્રીમતી ભાવીનીબેન, બનેવી શ્રી જિજ્ઞેશભાઈ, પુત્રો દીપ તથા મિત તા. ૨૬-૧-૨૦૦૧ના આવેલા ભૂકંપમાં આકસ્મિક સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી હાલ મુંબઈ શ્રી મહેન્દ્રભાઈ હિંમતલાલ શાહ (વર્ષ-૫૧) તા. ૨૦-૩-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જલગાંવનિવાસી શ્રી સવિતાબેન આનંદીલાલ શાહ (વર્ષ-૭૪) તા. ૨૪-૪-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉજ્જૈનનિવાસી તીર્થભક્ત શ્રી ફૂલચંદજી ઝાંઝરી (વર્ષ-૯૧) તા. ૨૭-૪-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ધાર્મિક તેમ જ લૌકિક અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમને તત્ત્વની ખૂબ રુચિ હતી. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં અનેકવાર તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો તેમ જ ધાર્મિક શિક્ષણવર્ગનો લાભ લેવા સોનગઢ આવતા હતા.

વીંછીયાનિવાસી હાલ રાજકોટ શ્રી કુંદનબેન પ્રાણલાલ ખારા (વર્ષ-૭૮) પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરતા કરતા હાર્ટએટેકથી તા. ૫-૫-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી મંજુલાબેન ચીમનલાલ જોબાળીયા (વર્ષ-૮૧) તા. ૧૨-૫-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લીધો હતો.

વઢવાણનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) વઢવાણ મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી તથા કહાન-સૂર્ય ભોજનાલયની કાર્યવાહક કમીટીના સક્રિય સભ્ય શ્રી છબીલભાઈ ગાંડાલાલ શાહના ધર્મપત્ની વીણાબેન (વર્ષ-૬૫) તા. ૧૩-૫-૨૦૦૧ના રોજ આકસ્મિક સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

જામનગરનિવાસી શ્રી કિશોરકુમાર મોતીલાલ મહેતાના ધર્મપત્ની અ.સૌ. પ્રફુલાબેન (વર્ષ-૬૦) તા. ૧૫-૫-૨૦૦૧ના રોજ હાર્ટ એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની સારી રુચિ હતી અને જ્ઞાયકનું રટણ કરતા કરતા શાંતિપૂર્વક દેહ છોડ્યો હતો.

બરવાળા (ઘેલાશાહ)નિવાસી હાલ મુલુન્ડ (મુંબઈ) શ્રીમતી કમળાબેન શાંતિલાલ દોશી (વર્ષ-૯૦) (તે સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના બેન) તા. ૨૧-૫-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી જયંતિલાલ નાગરદાસ ગાંધી (--તે બ્ર. શ્રી વર્ષાબેનના પિતાશ્રી) (વર્ષ-૭૩) તા. ૧-૬-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## 'કૌન બનેગા આત્માર્થી'

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આગામી ૮૮મી જન્મજયંતીના મંગલ અવસર પર "કૌન બનેગા આત્માર્થી" એવા અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના રોચક કાર્યક્રમમાં નિમ્નોક્ત શાસ્ત્રોમાંથી પ્રશ્નો પૂછવામાં આવશે.

૧. શ્રી સમયસાર ગાથા ૧ થી ૧૪૪

૨. શ્રી પ્રવચનસાર ગાથા ૧ થી ૯૨

૩. શ્રી નિયમસાર, ગાથા ૩૮ થી ૫૫ (શુદ્ધભાવ–અધિકાર)

૪ બહેનશ્રીના વચનામૃત : બોલ નં ૧ થી ૧૦૦

અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનો રસિક મુમુક્ષુ વર્ગ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે તૈયારી કરી શકે એવા હેતુથી આ અગ્રિમ સૂચના આપેલ છે.

## 'મંગલાયતન' વેબસાઇટને લોકાર્પણ

મુંબઈના મલાડ ઉપનગરમાં સંપન્ન શ્રી દિગમ્બર જિનબિમ્બ પંચકલ્યાણક–પ્રતિષ્ઠાના શુભાવસર પર 'મંગલાયતન તીર્થધામ' પર નિર્મિત વેબસાઈટની લોકાર્પણ–વિધિ ડૉ. કિરીટભાઈ ગોસલિયા–અમેરિકા, શ્રી હસમુખભાઈ વોરા તથા શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ દ્વારા ત્રણહજાર મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ સહિત સંપન્ન થઈ હતી. 'મંગલાયતન' ની ૧૦૯ પાનાની, આ વિશાળકાય વેબસાઈટને, જેમાં પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણિય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહના ગુણગાન હતા, બધાએ ખૂબ વખાણી. આ વેબસાઈટથી દેશ–વિદેશના સર્વે મુમુક્ષુ 'મંગલાયતન'ના નિર્માણની પ્રગતિ, સમયસમય પર થનારા સમારોહો વગેરેનું વિવરણ ઘેર બેઠા જોઈ શકશે.

## વાર્ષિક લવાજમ

આપનું ગુજરાતી 'આત્મધર્મ' આધ્યાત્મિક પત્રનું વાર્ષિક લવાજમ જૂન અંકથી સમાપ્ત થાય છે. એના વાર્ષિક સભ્ય તરીકે આપ ચાલૂ રહેવા ઇચ્છતા હો તો વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તથા આજીવન સભ્ય બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ નીચેના સરનામે તુરત જ મોકલાવવા કૃપા કરશો.

*ગુજરાતી 'આત્મધર્મ' કાર્યાલય,*
*C/o શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,*
*સોનગઢ--૩૬૪૨૫૦*

## 卐 જાણનારનું જોર કેમ આવતું નથી ! 卐

શ્રોતા :—હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે ! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ.

❀ ❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334